## સુરત મહાનગરપાલિકાની તા.૩૦–૭–૨૦૦૮ ના રોજ મળેલ

## માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો. :–

**::::::::::::::::::::::::**

સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૦૬૬/૨૦૦૮ થી ભલામણ કર્યા મુજબ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ તથા સુમન સાંસ્કૃતિક ભવનના વપરાશ માટેના વર્તમાન નીતિ નિયમો, ભાડાના દરો, ડીપોઝીટની રકમમાં સુધારા વધારા કરવા જરૂરી હોવાથી તે અંગે નીચે જણાવ્યા મુજબના નીતિ–નિયમો તથા ભાડાના દરો અને ડીપોઝીટની રકમ નકકી કરવા અંગેની જોગવાઈઓ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | **પ્રકરણ – ૧ – બુકીંગ અંગેના નિયમો** |
| ૧. | સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ટી.પી.સ્કીમ નં.૫, ફા.પ્લોટ નં. એમ–૭ ખાતે નિર્મિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા ઈચ્છતી કોઈપણ સંસ્થા અગર વ્યકિતએ છાપેલા નિયત અરજીપત્રકમાં મ્યુ.કમિશનરશ્રીને અરજી કરવાની રહેશે. અરજીપત્રક પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આવેલી કચેરીમાંથી રવિવાર કે જાહેર રજાના દિવસ સિવાય કોઈપણ દિવસે સવારે ૧૧–૦૦ થી ૨–૦૦ કલાક દરમ્યાન તેમજ સુરત મહાનગરપાલિકા સંચાલિત **નાગરિક સુવિધા કેન્દ્રો ખાતેથી** રવિવાર કે જાહેર રજાના દિવસ સિવાય કોઈપણ દિવસે કચેરી સમય દરમ્યાન રૂા. ૧૦૦૦/– (પરત ન મળી શકે તેવા) ચુકવ્યેથી મળી શકશે. |
| ૨. | ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૯૦ દિવસ અગાઉ **જે તે માસની પહેલી તારીખે** (અને ઓછામાં ઓછા ૨૪ કલાક અગાઉથી) અરજી કરવાની રહેશે. પરંતુ ઉપરોકત સમયમર્યાદામાં ફેરફાર કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રીને રહેશે. પરિશિષ્ટ 'અ' માં દર્શાવ્યા મુજબ રમતગમત સ્પર્ધાઓ/ ટુર્નામેન્ટો માટે વધુમાં વધુ ૪૫ દિવસ અગાઉથી આરક્ષણની અરજી કરી શકશે. |
| ૩. | ઈન્ડોર સ્ટેડિયમનું આરક્ષણ વહેલો તે પહેલાના ધોરણે કરવામાં આવશે. તેમ છતાં જો એક જ તારીખે અને એક જ સમયે એકથી વધુ અરજી આવી હશે તો તેવા સંજોગોમાં અરજદારની રૂબરૂમાં મ્યુનિ. કમિશનરશ્રી અથવા તેના પ્રતિનિધિ અરજદારો સમક્ષ ચિઠ્ઠી નાંખી ઈન્ડોર સ્ટેડીયમ કોને આપવું તે અંગે નિર્ણય કરશે. જે આખરી અને અરજદારોને બંધનકર્તા ગણાશે. |
| ૪. | કોઈપણ અરજી અનુસાર ઈન્ડોર સ્ટેડિયમ વાપરવાની પરવાનગી આપવી કે નહીં તે બાબતનો આખરી નિર્ણય મ્યુનિ. કમિશનરશ્રીની મુનસફી ઉપર રહેશે. |
| ૫. | કોઈ તારીખે કોઈપણ સંસ્થા યા વ્યકિત તરફથી ઈન્ડોર સ્ટેડિયમનું અગાઉથી આરક્ષણ મેળવવામાં આવ્યું હશે, તો પણ ખાસ સંજોગોમાં તેવા આરક્ષણ કોઈપણ કારણો જણાવ્યા સિવાય રદ કરવાની સત્તા મ્યુનિ.કમિશનરશ્રીને રહેશે. આ રીતે આરક્ષણ રદ કરવાની જાણ જે તે વ્યકિત અગર સંસ્થાને આરક્ષણની તારીખથી પંદર દિવસ અગાઉ કરવામાં આવશે. ઉપર જણાવ્યા પ્રમાણે આરક્ષણ રદ કરવામાં આવે તો ત્યારે અરજદારે ભરેલ ભાડાની રકમ તથા ડીપોઝીટ પુરેપુરી પરત કરવામાં આવશે. પરંતુ કોઈપણ નુકશાની કે વળતર ચુકવવાની મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં. તથા તે અંગે કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં. |
| ૬. | સામાન્ય રીતે કોઈપણ સંસ્થા અગર વ્યકિતને એકીસાથે પંદર દિવસથી વધુ સળંગ સમય માટે ઈન્ડોર સ્ટેડિયમ વાપરવા માટેનું આરક્ષણ મળી શકશે નહીં. ખાસ કિસ્સામાં પંદર દિવસથી વધુ સમય માટે ઈન્ડોર સ્ટેડિયમ ફાળવવાની સત્તા મ્યુ.કમિશનરશ્રીને રહેશે. |

૭. ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા માટે જે તારીખનું આરક્ષણ મેળવવામાં આવ્યું હોય તે તારીખ બદલી આપવામાં આવશે નહીં. પરંતુ કોઈ ખાસ સંજોગોમાં **ઈન્ડોર સ્ટેડિયમની ઉપલબ્ધતાને આધિન તારીખ બદલી આપવાની સત્તા કમિશનરશ્રીને રહેશે. જે માટે અરજદારે રૂા.૫૦૦૦/–** ની વધારાની રકમ ફી તરીકે ચુકવવાની રહેશે. આ પ્રમાણે બદલી આપવામાં આવેલી નવી તારીખ પ્રથમ નકકી થયેલ તારીખથી **૬૦ દિવસની** અંદર હોવી જોઈએ.કોઈપણ કિસ્સામાં તારીખ બદલી આપવી કે નહીં તે અંગેનો કમિશનરશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૮. આરક્ષણ મેળવનાર વ્યકિત અગર સંસ્થા કોઈ સંજોગોમાં ઈન્ડોર સ્ટેડિયમનું આરક્ષણ રદ કરાવવા માંગતા હોય તો તેવા પ્રસંગે અરજદારે લેખિત અરજી આપવાની રહેશે. જે તારીખ માટે આરક્ષણ મેળવ્યું હોય તેની સમયમર્યાદા અનુસાર નીચે મુજબની રકમ કાપી લઈ બાકી રકમનું રીફંડ આપવામાં આવશે.

| અ.નં. | આરક્ષણ રદ કરવાની અરજી કાર્યક્રમની તારીખથી | ભાડામાંથી કાપી લેવાની રકમ |
|---|---|---|
| ૧. | ૩૦ દિવસ પહેલાં કરવામાં આવે તો | ૨૫% |
| ૨. | ૧૫ દિવસ પહેલાં અને ૩૦ દિવસની અંદર કરવામાં આવે તો | ૫૦% |
| ૩. | ૭ દિવસ પહેલાં અને ૧૫ દિવસની અંદર કરવામાં આવે તો | ૬૦% |
| ૪. | ૨ દિવસ પહેલાં અને ૭ દિવસની અંદર કરવામાં આવે તો | ૭૦% |
| ૫. | ૨ દિવસ અંદર કરવામાં આવે તો | **૯૦%** |

૯. આરક્ષણ માટેની અરજીમાં જે વ્યકિત અગર સંસ્થાનું નામ કાર્યક્રમના આયોજકો તરીકે દર્શાવવામાં આવ્યું હશે. તેમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. અર્થાત આયોજક સિવાયનો કોઈપણ અન્ય ત્રાહિત વ્યકિત કે સંસ્થા તે કાર્યક્રમ અંગે ઈન્ડોર સ્ટેડિયમનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આરક્ષણ મેળવી શકશે નહીં.ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહીં. અથવા પરવાનગી નામ ફેરી કરી શકશે નહીં. અરજદાર સિવાયની કોઈપણ અન્ય વ્યકિત કે સંસ્થાને કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં. આ નિયમનો ભંગ કર્યાનું માલુમ પડશે તો સબંધકર્તા વ્યકિત અગર સંસ્થા ધ્વારા અરજી સાથે ભરવામાં આવેલી ભાડાની અને ડીપોઝીટની તમામ રકમ જપ્ત કરવામાં આવશે. તથા આરક્ષણ આપોઆપ રદ થયેલું ગણાશે.

૧૦. ફોર્સ મેજર (FORCE MAJEURE) કલોઝમાં ગણાતી કુદરતી આફતો, વાવાઝોડુ,રેલ, યુધ્ધ અથવા જાહેર સુલેહ શાંતી જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતી ઉભી થાય તો તેવા સંજોગોમાં ડીપોઝીટ તથા ચાર્જીસની પુરેપુરી રકમનું રીફંડ આપવાની કમિશનરશ્રીને સત્તા રહેશે,**પરંતુ જે કિસ્સામાં ઈન્ડોર સ્ટેડિયમમાં કાર્યક્રમની તૈયારી શરૂ કરવામાં આવેલ હશે તેવા કિસ્સામાં ખરેખર વપરાયેલ ઈલેકટ્રીસીટી તેમજ અન્ય લાગત ચાર્જીસ કાપી લઈ બાકીની રકમ રીફંડ કરવામાં આવશે.** ઈન્ડોર સ્ટેડિયમ નિભાવના સીવીલ, મીકેનીકલ, ઈલેકટ્રીકલ કામના આકસ્મીક ફોલ્ટ કે નિભાવને કારણે અગાઉથી આખો કાર્યક્રમ રદ કરવો પડે તો તેવા સંજોગોમાં પણ ડીપોઝીટ અને ભાડું પુરેપુરું પરત કરવામાં આવશે. પરંતુ કોઈ નુકશાની કે વળતર ચુકવવામાં આવશે નહી.

૧૧. કોઈપણ પ્રકારના મેજર રીપેરીંગ, મેઈન્ટેનન્સ કે, અન્ય કોઈ કારણોસર જરૂરી કામગીરી હેતુ ઈન્ડોર સ્ટેડિયમ (ડોરમેટરી બિલ્ડીંગ સહિત) કાર્યક્રમો વિગેરે માટે ફાળવી શકાય એમ ન હોય તો જે તે સમય માટે ઈન્ડોર સ્ટેડિયમનું (ડોરમેટરી બિલ્ડીંગ સહિત) બુકીંગ બંધ રાખવા મા.કમિશનરશ્રીને સત્તા રહેશે.

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | **પ્રકરણ – ૨ – ડીપોઝીટ તથા ઈન્ડોર સ્ટેડિયમના ઉપયોગ કરવા માટેના દર** |
| ૧. | ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા માંગતી વ્યકિત અગર સંસ્થાએ નિયત પત્રકમાં કરેલ અરજી સાથે ઈન્ડોર સ્ટેડિયમના ભાડાની રકમ તથા ડીપોઝીટની રકમ પૂરેપૂરી ભરવાની રહેશે. ભાડાની વિગત તથા ડીપોઝીટની રકમ **પરિશિષ્ટ 'અ'** માં દર્શાવેલ છે. જે મુજબની રકમ અરજી સાથે **સુરત મહાનગરપાલિકા સંચાલિત નાગરિક સુવિધા કેન્દ્રો ખાતે રવિવાર કે જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમ્યાન** જમા કરાવવાની રહેશે. ભાડા ની રકમ, ડીપોઝીટની રકમ તથા અન્ય ભરવાપાત્ર રકમ'કમિશનર,સુરત મહાનગરપાલિકા' ના નામના કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર (સુરત ખાતે ચુકવવા પાત્ર) થી સ્વીકારવામાં આવશે. |
| ૨. | વ્યવસાયી મનોરંજન કાર્યક્રમ જેવા કે મ્યુઝીકલ, ડાન્સ અગર એવા કાર્યક્રમો કે ફીલ્મી જગતના સ્ટારો, પાશ્વ ગાયકો, સંગિત નિર્દેશકો વિગેરે જેવા નામાંકિત વ્યકિતઓ (સેલીબ્રીટી) હાજરી આપવાની હોય અગર ભાગ લેવાની હોય અને તેવી જાહેરાત કરવામાં આવી હોય તેવા કાર્યક્રમો કે તે પ્રકારના અન્ય કાર્યક્રમો માટે નિયત ડીપોઝીટ ઉપરાંત **રૂા. ૨૫,૦૦૦/– કે તેથી વધુ** રકમ ડીપોઝીટ તરીકે લેવાની સત્તા કમિશનરશ્રી કે તેના અધિકૃત અધિકારીને રહેશે. |
| ૩. | **(૧) ઈન્ડોર સ્ટેડિયમ વાપરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેના સમયખંડો (સેશન) રહેશે.**<br>૧. સવારે ૦૮ – ૦૦ થી બપોરે ૩ – ૩૦ **દરમ્યાન કોઈપણ ૩–૩૦ કલાકનો સળંગ સમય ખંડ**<br>૨. બપોરે ૦૪–૩૦ થી રાત્રે ૦૮ – ૦૦<br>૩. રાત્રે ૦૯ – ૦૦ થી રાત્રે ૧૨ – ૩૦<br>૪. સવારે ૮ – ૦૦ થી રાત્રે ૧૨ –૩૦ કલાક સુધી (આખા દિવસ માટે)<br>પ્રત્યેક સમય ખંડ ના પ્રારંભ પહેલાં અડધા કલાક અગાઉ ઈન્ડોર સ્ટેડિયમનો કબજો પરિસ્થિતિ અનુસાર પુર્વ તૈયારી માટે આયોજકો ને આપવામાં આવશે. ઉપરોકત સમય ખંડની મર્યાદા અન્વયે પરવાનાને આધિન રહીને જો આયોજક ધ્વારા વધુ સમય માટે કાર્યક્રમ ચલાવવામાં આવશે તો વધારાના અર્ધો કલાક દીઠ રૂા.૨૫,૦૦૦/– લેખે વધારાના ભાડા પેટે તાત્કાલિક જમા કરાવવાના રહેશે. તેમ છતાં વધારાનો સમય પરવાનાને આધિન વધુમાં વધુ **એક** કલાકનો રહેશે.<br>(૨) ઉપરોકત સમયખંડ ની સમય મર્યાદામાં સંજોગો અનુસાર ફેરફાર કરવાની સત્તા મ્યુની.કમિશનરશ્રી ની રહેશે.<br>(૩) ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા માટે ભાડાના દર આ સાથેના પરિશિષ્ટ – 'અ' ૧ તથા 'અ' ૨ અને 'બ' ૧ તથા 'બ' ૨ મુજબ લેવામાં આવશે.<br>(૪) વિજળી વપરાશ અંગે યુનિટ ના દર સુરત મહાનગરપાલિકાને વિજળી પુરી પાડતી સંસ્થાના જે તે સમયે પ્રવર્તમાન દરના આધારે લેવામાં આવશે.<br>**(૫) પ્રવર્તમાન દરો એ સર્વિસટેક્ષ કે અન્ય લાગત કર વેરા વિગેરે આયોજકો એ ભરવાના રહેશે અથવા તો જમા ડીપોઝીટ માંથી વસુલ લેવામાં આવશે.** |

| | |
|---|---|
| ૪. | કાર્યક્રમ અંગે નીચે મુજબની વ્યવસ્થા અત્રેથી આપવામાં આવતી નથી. અને તે અંગે જરૂરી વ્યવસ્થા આયોજકો તરફથી કરવાની રહેશે.<br>(અ) સ્ટેજ તેમજ ઈન્ડોર સ્ટેડિયમમાં કરવામાંઆવેલ ફીકસ ખુરશી સિવાય વધારાની ખુરશીઓ.<br>(બ) સ્ટેડીયમમાં મુકવામાં આવેલ લાઈટ સિવાયની વધારાની લાઈટીંગ.<br>(ક) સાઉન્ડ સીસ્ટમ.<br>(ડ) કાયદો અને વ્યવસ્થા (પાર્કીંગ તેમજ સીકયુરીટી સહિત) |

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | પ્રકરણ – ૩ – **આયોજકો ની જવાબદારી અને ફરજો** |
| ૧. | કોઈ આયોજક તેના કાર્યક્રમ માટે પોતે જે કોઈ પોતાની સાધન સામગ્રી સેટીંગ,ફર્નીચર તથા લાઈટ અંગેની સામગ્રીઓ લાવે તો આયોજકે તેવી યાદી ઈન્ડોર સ્ટેડિયમના મેનેજર/ ઈન્ડોર સ્ટેડિયમ સ્ટાફ ને આપી,તેવી વસ્તુઓ તેમને રૂબરૂ બતાવવાની રહેશે તથા કાર્યક્રમ બાદ આવી વસ્તુઓ નિર્ધારીત સમય મર્યાદામાં બતાવીને લઈ જવાની રહેશે. |
| ૨. | ઈન્ડોર સ્ટેડિયમની લાઈટ તથા સાઉન્ડ વિ.ની કન્ટ્રોલ કેબીનમાં અધિકૃત ઓપરેટર સિવાય અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ આપવામાં આવશે નહીં. |
| ૩. | કાર્યક્રમ દરમ્યાન ઈન્ડોર સ્ટેડિયમના એરેના ઉપર કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો તથા નેપથ્યના કસબીઓ તથા અન્ય કોઈ વ્યકિત જે અગત્યના કારણોસર કાર્યક્રમ સાથે સંકળાયેલા હોય તે સિવાયની કોઈપણ વ્યકિત ને આયોજકે દાખલ થવા દેવાના નથી.આવી બિન અધિકૃત વ્યકિતઓને મેનેજમેન્ટ ઈન્ડોર સ્ટેડિયમમાંથી દુર કરશે.કાર્યક્રમ સાથે સીધીરીતે સંકળાયેલ વ્યકિતઓને ઓળખ માટે આયોજક ધ્વારા ઓળખપત્રો આપવાના રહેશે.જે ધારણ કર્યા સિવાયની વ્યકિતઓને એરીનામાં પ્રવેશ મળી શકશે નહીં. |
| ૪. | કાર્યક્રમના પ્રારંભથી અંત સુધી આયોજકે **ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટી જણાવે તેટલી સંખ્યામાં સીકયોરીટી ગાર્ડ**/ ઓળખપત્ર ધારણ કરેલ સ્વયંસેવકોને સ્વખર્ચે ઈન્ડોર સ્ટેડિયમ સંકુલમાં ફરજ પર તૈનાત કરવાના રહેશે. |
| ૫. | કાર્યક્રમ યોજવા અંગે પરિશિષ્ટ ' ક ' માં દર્શાવ્યા મુજબના તથા **જે તે સમયે પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈ મુજબ** અન્ય તમામ જરૂરી પરવાના સંબંધિત સરકારી/ અર્ધસરકારી ખાતા પાસેથી મેળવીને આયોજક ધ્વારા કાર્યક્રમના અગાઉના દિવસે મેનેજરશ્રી/ ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટી સમક્ષ રજુ કરવાના રહેશે.જરૂરી પરવાનાઓ રજુ કર્યા સિવાય કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં. |
| ૬. | કાર્યક્રમ અંગેની ટીકીટોનું વેચાણ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજક અગર તેના અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જ કરવા દેવામાં આવશે. આ માટે **કાઉન્ટર દીઠ** એક દિવસનો રૂા.૫૦૦/– પ્રમાણે ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે. |
| ૭. | ઈન્ડોર સ્ટેડિયમના કાર્યક્રમ માટે કબજો લેતી વખતે અને કાર્યક્રમ બાદ કબજો પરત કરતી વખતે મેનેજર/ ઈન્ડોર સ્ટેડિયમ સ્ટાફની હાજરીમાં તમામ સાધન સામગ્રી,બેઠકો વિ.તપાસી લઈ જરૂરી નોંધ કરી સહી કરવાની રહેશે. જો કોઈ પણ સાધન સામગ્રીને કાર્યક્રમ દરમ્યાન નુકશાન થાય અથવા તો તે ગુમ થાય તો તે બદલ આયોજકે નુકશાની ભરપાઈ કરવાની રહેશે.જે રકમ આયોજક ધ્વારા ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ માંથી કાપી લેવામાં આવશે. નુકશાની ની રકમ ભરેલ ડીપોઝીટ કરતાં વધુ હશે તો તેટલી વધારાની રકમ ભરપાઈ કરવાની આયોજકની જવાબદારી રહેશે. નુકશાનીની આકારણી બાબત કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. |

| | |
|---|---|
| ૮. | કાર્યક્રમમાં ભાગ લેનાર સિને કલાકારો અગર અન્ય ટોચના કલાકારોના ચોકકસ નામોની જ આયોજકે જાહેરાત કરવાની છે. મતલબ કે ટીકીટના વધુ વેચાણ માટે પ્રેક્ષકોમાં છેતરામણી જાહેરાત આયોજકે કે તેના પ્રતિનિધિઓ એ કોઈપણ રીતે કરવાની નથી આ પ્રકારની છેતરામણીભરી જાહેરાતના પરિણામે ઈન્ડોર સ્ટેડિયમના કાર્યક્રમ દરમ્યાન કોઈ ધાંધલ ધમાલ થાય નહીં તથા તેની માલ–મિલ્કતને નુકશાન થાય નહી તેવી પરિસ્થિતિ જાળવી રાખવા માટેનો યથાયોગ્ય પ્રબંધ કરવાની તમામ જવાબદારી આયોજકની રહેશે. |
| ૯. | કાર્યક્રમ પુરો થયા બાદ તુરત જ રાત્રીના સમયે સેટીંગ્સ વિ.નીચે ઉતારવાનું શકય ન બને એવા સંજોગોમાં કાર્યક્રમના બીજા દિવસે મેનેજર / ઈન્ડોર સ્ટેડિયમ સ્ટાફ ધ્વારા જણાવેલ સમય મર્યાદામાં બહારથી લાવવામાં આવેલ સેટીંગ્સ વિ.ખસેડી લેવું ફરજીયાત રહેશે તેમ કરવામાં આયોજકો નિષ્ફળ જશે તો આયોજકોના હિસાબે અને જોખમે તેવી સામગ્રી દુર કરવામાં આવશે અને તે અંગે થયેલ ખર્ચની રકમ આયોજક પાસેથી વસુલ કરવામાં આવશે. |
| ૧૦. | ઈન્ડોર સ્ટેડિયમ સંકુલમાં રજુ થનાર કોઈપણ કાર્યક્રમમાં ફટાકડા, દારૂખાનુ અને અન્ય સળગી ઉઠે તેવા જવલનશીલ કે જોખમકારક ધડાકીયા પદાર્થો તથા **જોખમી રંગ રસાયણો, ગુલાલ** વિગેરે લાવવા કે વાપરવા દેવામાં આવશે નહીં. જેના ભંગ બદલની તમામ જવાબદારી આયોજકની રહેશે. |
| ૧૧. | ઈન્ડોર સ્ટેડિયમના એરેનામાં આવેલ વુડન ફલોરીંગને કોઈપણ રીતે નુકશાન થાય નહીં તેની કાળજી આયોજકે લેવાની રહેશે. તેમ છતાં જો વુડન ફલોરીંગને નુકશાન થશે તો તે આયોજકે ભરપાઈ કરવું પડશે. **જયારે રાસ–ગરબા વિગેરે પ્રકારના કાર્યક્રમ હોય તો ફલોરીંગને નુકશાન ન થાય તે માટે તેવા કાર્યક્રમ અગાઉ આયોજક ધ્વારા સ્વખર્ચે ઈન્ડોર સ્ટેડિયમના એરેનામાં (વુડન ફલોર) ઉપર સારી ગુણવત્તાવાળી યુરીટેક્ષ ટાઈપની ફલોરીંગ કારપેટ ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીની સૂચના મુજબ ફરજીયાતપણે પાથરવાની અને સાફસફાઈ કરી મેઈનટેઈન કરવાની રહેશે.** |
| ૧૨. | **ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખનાર વ્યકિત કે સંસ્થા કાર્યક્રમ માટે અન્ય એજન્સીઓ કોઈ કામે રોકે અથવા તો પોતાની સંસ્થાના કર્મચારી કે કામદારો પાસે કામગીરી કરાવે તો તે અંગે WORKMAN COMPANSATION POLICY લેવાની જવાબદારી ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખનાર વ્યકિત/ સંસ્થાની રહેશે. WORKMAN COMPANSATION અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહી.** |
| ૧૩. | ઈન્ડોર સ્ટેડિયમ પ્રિમાઈસીસમાં કે સ્ટેડીયમના કોઈપણ આંતરીક ભાગમાં ખોદવું, તોડવું કે ખીલી ઠોકવી (સ્ટેડીયમની મિલ્કતને નુકશાન થાય તેવું કૃત્ય) જેવા કોઈપણ કૃત્ય કરવાના કે કરવા દેવાના નથી. તેમજ કોઈપણ પ્રકારનું નુકશાન થાય નહીં તેની કાળજી રાખવાની રહેશે. અન્યથા તે અંગેનો તમામ ખર્ચ આયોજકો પાસેથી વસુલ કરવામાં આવશે. |

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | **પ્રકરણ – ૪ – સામાન્ય નિયમો** |
| ૧. | ઈન્ડોર સ્ટેડિયમમાં ફીક્ષ ખુરશીઓ સિવાય વધારાની ખુરશીઓ મુકવા દેવામાં આવશે નહી. તેમજ ખુરશીઓની ગોઠવણીમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી. હોલની બેઠક ક્ષમતા કરતાં કોઈપણ વધારાની વ્યકિતઓને દાખલ કરવા દેવામાં આવશે નહી. |

| | |
|---|---|
| ૨. | ઈન્ડોર સ્ટેડિયમના અંદરના ભાગે કે સ્ટેડિયમ પ્રિમાઈસીસમાં કોઈ પણ પ્રકારનાં ખાદ્ય પદાર્થો બનાવવા બાબતે તથા ખાદ્ય પદાર્થો, ઠંડા પીણાં વિગેરે રાખવા કે તેનું વેચાણ કરવા કે પિરસવા અંગે સખ્ત મનાઈ છે. એક દિવસમાં સળંગ એક થી વધુ સેશન માટે બુક થયેલ હોય તેવા પ્રોગ્રામો અન્વયે માત્ર શાકાહારી અલ્પાહાર, ચા, કોફી, ઠંડા પીણાં વિગેરે માટે સ્નેકબાર બનાવવામાં આવેલ છે, તેનો ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીની સૂચના મુજબ ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ ઈન્ડોર સ્ટેડિયમની અંદર એરેના તેમજ પ્રેક્ષાગારમાં કોઈપણ પ્રકારના ખાદ્ય પદાર્થો કે ઠંડા પીણાં વિગેરે લાવી શકાશે નહીં, તેમજ બહારના ફેરીયાઓ કે સ્વયંસેવકોને કોઈપણ પ્રકારની ખાવા પીવાની વસ્તુઓ વેચવા દેવામાં આવશે નહીં, જે માટે આયોજકે તમામ ગેઈટ પર જરૂરી સ્વયંસેવકો/ સીકયુરીટી સ્ટાફ ગોઠવવાના રહેશે અને સ્નેકબારની જગ્યામાં ગંદકી ન થાય તેની કાળજી આયોજક ધ્વારા રાખવા/ રખાવવાની રહેશે અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સફાઈ કરી આપવાની રહેશે. |
| ૩. | ઈન્ડોર સ્ટેડિયમ સાથે સંકળાયેલ અધિકૃત અધિકારીઓ આયોજક ધ્વારા ઈન્ડોર સ્ટેડિયમના વપરાશ દરમ્યાન કોઈપણ ભાગમાં આયોજકની પરવાનગી વિના પ્રવેશ કરી શકશે. |
| ૪. | અણધાર્યા કે આકસ્મિક સંજોગોમાં ઈન્ડોર સ્ટેડિયમની સુવિધાઓ જેમ કે, એરકન્ડિશનીંગ, સાઉન્ડ સીસ્ટમ, વીજ પૂરવઠો વિગેરેમાં કોઈપણ જાતનો વિક્ષેપ થાય તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં. |
| ૫. | ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાયલ કોઈ કાર્યક્રમમાં આયોજક ધ્વારા કોપીરાઈટ નો ભંગ થતો હશે તો તે માટે મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં આવી સઘળી જવાબદારી આયોજકોની રહેશે. |
| ૬. | ઈન્ડોર સ્ટેડિયમની લાઈટ, માઈક્રોફોન, એરકન્ડીશન, પાણી વિગેરે સેવાઓને લગતી તકલીફો અગર ફરીયાદો અંગે મેનેજરનો સંપર્ક સાધી તેનો નિકાલ કરવાનો રહેશે. |
| ૭. | ઈન્ડોર સ્ટેડિયમ લગ્ન કે લગ્નના સંબંધી કોઈ કાર્ય માટે ભાડે આપવામાં આવશે નહીં જયારે રાસ ગરબા માટે અન્ય નિયમો યથાવત રાખી ભાડે આપવામાં આવશે. |
| ૮. | ઈન્ડોર સ્ટેડિયમમાં રજુ કરવામાં આવનાર કાર્યક્રમની રૂપરેખા અને પ્રવચનો, વ્યાખ્યાનો,પરિસંવાદો વિ.હોય તો તે અંગેની માહિતી મ્યુ.કમિશનરશ્રી આયોજક પાસેથી અગાઉથી માંગી શકશે અને જો તે આપવામાં ન આવેતો ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં. |
| ૯. | ઈન્ડોર સ્ટેડિયમની બેઠક વ્યવસ્થાના પ્લાનની **એક** કોપી જો અરજદાર માંગણી કરશેતો અરજી પત્રક સાથે આપવામાં આવશે તથા વધારાની કોપી માટે રૂ.૧૦૦/– નો ચાર્જ લઈ આપવામાં આવશે. |
| ૧૦. | કાર્યક્રમ અંગેની આમંત્રણ પત્રિકા, ટીકીટો, જાહેરાત કે અન્ય પ્રચાર/ પ્રસાર માધ્યમોમાં " **પંડિત દિનદયાળ ઉપાધ્યાય** ઈન્ડોર સ્ટેડિયમ " એ મુજબનું પુરુ નામ ફરજીયાત દર્શાવવાનું રહેશે. |
| ૧૧. | વિદ્યુત ઉપકરણોના વપરાશ પર ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીનો અંકુશ રહેશે. |
| ૧૨. | ઈન્ડોર સ્ટેડિયમ સંકુલમાં ચા–નાસ્તો કે કોઈપણ ખાવાની વસ્તુ તૈયાર કરાવી કે રાંધી શકાશે નહીં. |
| ૧૩. | ડીપોઝીટની રકમ કાર્યક્રમ પુરો થયા બાદ સાધારણ રીતે **દિન–૧૫** માં પરત કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૪. | (૧) કાર્યક્રમને લગતું જાહેરાતનું એક બોર્ડ કાર્યક્રમની તારીખના ૮(આઠ) દિવસ અગાઉથી વિના મુલ્યે ઈન્ડોર સ્ટેડિયમ કંપાઉન્ડમાં મુકવા દેવામાં આવશે,પરંતુ તે અગાઉથી મુકવા માટે બોર્ડ દીઠ રોજના રૂા.૧૦૦/– ચાર્જ આપવાનો રહેશે. અને કાર્યક્રમ પુરો થયેથી તુર્ત જ પરત લઈ જવાનું રહેશે.<br>જાહેરાતનું બોર્ડ લઈ જવામાં વિલંબ કર્યેથી રોજના રૂા.૧૦૦/– નો ચાર્જ આપવાનો રહેશે.<br>(૨) કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા સ્ટેઈજ ઉપર જે કાર્યક્રમ હોય તેનું કે સંસ્થાનું એક બેનર સ્ટેજના બેકડ્રોપ ઉપર વિનામુલ્યે મુકી શકાશે, જયારે સ્ટેડિયમ સંકુલમાં જાહેરાતના હેતુસર લગાડવામાં આવેલ બેનર માટે ૩' × ૬' સાઈઝના બેનર દીઠ રૂા.૧૦૦/– પ્રતિ સેશન તથા તે કરતાં મોટી સાઈઝના બેનરો માટે ઉપરોકત સાઈઝના ગુણાંક મુજબ ગણત્રી કરી ચાર્જ વસુલ લેવામાં આવશે.<br>(૩) કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા સ્ટેડિયમ સંકુલમાં જાહેરાતના હેતુસર કે વ્યાપારી ધોરણે ઉભા કરવામાં આવેલ સ્ટોલ માટે સ્ટોલ દીઠ રૂા.૫૦૦/– પ્રતિ સેશન પ્રમાણે ચાર્જ વસુલ લેવામાં આવશે.<br>(૪) કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા એલ.સી.ડી. પ્રોજેકટર/ વીડીયો પ્રોજેકટર મુકી સ્ક્રીન ઉપર કાર્યક્રમનું જીવંત પ્રસારણ, જાહેરાત, ડોકયુમેન્ટરી ફીલ્મ વિગેરે દર્શાવવામાં આવે તો સ્ક્રીન દીઠ રૂા.૧,૦૦૦/– પ્રતિ સેશન પ્રમાણે ચાર્જ વસુલ લેવામાં આવશે.<br>(૫) મહાનગરપાલિકા ધ્વારા પાર્કિંગ માટે જગ્યા ફાળવવામાં આવશે. જેનું મહત્તમ ભાડું નીચે મુજબ લેવાનું રહેશે. દ્વિચક્રી વાહનો માટે રૂા.૫/– તથા ત્રિચક્રી/ ચતુષ્ચક્રી વાહનો માટે રૂા.૧૦/– લેખે ભાડું લેવાનું રહેશે. નિયત ભાડા રકમ કરતાં વધુ રકમ કોઈપણ સંજોગોમાં ભાડા પેટે વસુલ લઈ શકાશે નહીં. અને ભાડાના દર બાબતેની સૂચના પ્રસિધ્ધ કરતાં બોર્ડ દરેક જગ્યાએ જોઈ શકાય તે રીતે મુકવાનાં રહેશે. પાર્કિંગ ચાર્જ પેટે આયોજક ધ્વારા મહાનગરપાલિકાને ફીકસ ચાર્જ તરીકે સેશન દીઠ રૂા.૧૫,૦૦૦/– એડવાન્સ ચૂકવવાનાં રહેશે.<br>(૬) જો આયોજક ધ્વારા પાર્કિંગ ચાર્જીસ પેટે કોઈ રકમ ન લેવામાં આવે તો (ફ્રી પાર્કિંગ રાખવામાં આવે તો) પાર્કિંગ ચાર્જીસ પેટે ભરવાજોગ રકમ માંથી મુકિત આપવામાં આવશે, જે અંગે આયોજકે લેખિત અરજી આપવાની રહેશે. તેમજ ફ્રી પાર્કિંગ દર્શાવતાં બોર્ડ સ્પષ્ટ રીતે જોઈ શકાય એ રીતે તમામ પાર્કિંગ એરિયામાં મુકવાના રહેશે.<br>(૭) જાહેરાતો અને ટીકીટો તથા આમંત્રણ પત્રિકા પર ફ્રી પાર્કિંગ લખવાનું રહેશે અને પાર્કિંગના મુખ્ય લોકેશનો દર્શાવવાનાં રહેશે. |
| ૧૫. | ઈન્ડોર સ્ટેડિયમના નિયમોના અર્થઘટન માટે અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે. જેના ભંગ બદલ મ્યુ.કમિશનરશ્રી રૂા.૧૦,૦૦૦/– સુધી દંડ કરી શકશે. |
| ૧૬. | જો કોઈ સંજોગોમાં કાર્યક્રમ પહેલાં, દરમ્યાન કે ત્યારબાદ આયોજક ધ્વારા કે આયોજક સાથે કોઈપણ બાબતે વિવાદ ઉપસ્થિત થાય અને જો કોર્ટમાં દાવો દાખલ કરવાનો કે ચલાવવાનો થાય તો તે ફકત સુરત જ્યુરીસ્ડીકશનને આધિન રહેશે. |
| ૧૭. | આયોજક ધ્વારા કાર્યક્રમની ટીકીટ/ આમંત્રણ પત્રિકા ઉપર ઈન્ડોર સ્ટેડિયમના ગેઈટ નંબર, બ્લોક નંબર, તથા સીરીઝ/ સીટ નંબર દર્શાવવાના રહેશે. |
| ૧૮. | કાર્યક્રમના આયોજક ધ્વારા જો ઈન્ડોર સ્ટેડિયમના એરેનામાં આવેલ વુડન ફલોરીંગ પર ખુરશી ટેબલ વિગેરે મુકવાના થાય તો તે પી.વી.સી. કારપેટ ઉપર, કારપેટ તથા ફલોરીંગને નુકશાન ન થાય તે પ્રમાણે ગોઠવવાના રહેશે. તેમજ જરૂર જણાય તેવા કિસ્સામાં ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીની સૂચના મુજબ આયોજકે સ્વખર્ચે વધારાની કારપેટ પાથરવાની રહેશે. |

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | **પ્રકરણ – ૫ – ઈન્ડોર સ્ટેડિયમના વપરાશ માટેના દરો** |

<u>પરિશિષ્ટ 'અ'</u>

| | | | પરિશિષ્ટ ' અ–૧ ' | | પરિશિષ્ટ ' અ–૨ ' | |
|---|---|---|---|---|---|---|
| શો | કાર્યક્રમનો સમય | ડીપોઝીટ ની રકમ રૂ. | આખા ઈન્ડોર સ્ટેડિયમનું ભાડું રૂ. | અરજી પત્રક સાથે ભરવાની રકમ રૂ. | અડધા ઈન્ડોર સ્ટેડિયમનું ભાડું રૂ. | અરજી પત્રક સાથે ભરવાની રકમ રૂ. |
| ૧. | સવારે ૮–૦૦ થી બપોરે ૩–૩૦ સુધી | **૧,૫૦,૦૦૦/–** | ૧,૦૦,૦૦૦/– | **૨,૫૦,૦૦૦/–** | ૫૦,૦૦૦/– | **૨,૦૦,૦૦૦/–** |
| ૨. | બપોરે ૪–૩૦ થી રાત્રે ૮–૦૦ સુધી | **૧,૫૦,૦૦૦/–** | ૧,૫૦,૦૦૦/– | **૩,૦૦,૦૦૦/–** | ૭૫,૦૦૦/– | **૨,૨૫,૦૦૦/–** |
| ૩. | રાત્રે ૯–૦૦ થી રાત્રે ૧૨–૩૦ સુધી | **૧,૫૦,૦૦૦/–** | ૨,૦૦,૦૦૦/– | **૩,૫૦,૦૦૦/–** | ૧,૦૦,૦૦૦/– | **૨,૫૦,૦૦૦/–** |
| ૪. | સવારે ૮–૦૦ થી રાત્રે ૧૨–૩૦ સુધી | **૧,૭૫,૦૦૦/–** | ૩,૫૦,૦૦૦/– | **૫,૨૫,૦૦૦/–** | ૧,૭૫,૦૦૦/– | **૩,૫૦,૦૦૦/–** |

<u>પરિશિષ્ટ 'બ'</u>

| ક્રમ | કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | પરિશિષ્ટ'અ–૧'માં દર્શાવેલ આખા ઈન્ડોર સ્ટેડિયમના ભાડાના દર માઈક સહિતના (પરિશિષ્ટ'બ–૧') | પરિશિષ્ટ'અ–૨'માં દર્શાવેલ અડધા ઈન્ડોર સ્ટેડિયમના ભાડાના દર માઈક સહિતના (પરિશિષ્ટ'બ–૨') |
|---|---|---|---|---|
| ૧. | આંતર યુનિવર્સિટી/ આંતર જીલ્લા/ આંતર રાજય/ રાજય/ રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાની રમત ગમત સ્પર્ધા/ ટુર્નામેન્ટ વિગેરે માટે | શો–૧,૨,૩,૪ | **૨૫%** | **૨૫%** |
| ૨. | સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ માન્ય શાળા/કોલેજ/યુનિવર્સિટી/ફેકલ્ટી ધ્વારા યોજાતા શૈક્ષણિક વ્યાખ્યાનો/ પરિસંવાદો માટે | શો–૧,૨,૩,૪ | **૨૫%** | **૨૫%** |
| ૩. | **સાંસ્કૃતિક કાર્યક્રમો જેવાકે, નૃત્યનાટીકા, શાસ્ત્રીય નૃત્ય, સુગમ સંગીત, લોકગીતો, કવિ સંમેલન, ભજન, ડાયરો, મુશાયરો વિગેરે** | શો–૧,૨,૩,૪ | **૭૫%** | **૭૫%** |
| ૪. | વ્યવસાયિક મનોરંજક કાર્યક્રમ જેવા કે નાટક, ઓરકેસ્ટ્રા, ગીત–સંગીત,ગઝલ, કવ્વાલી, ફેશનશો, મેજીક શો, મીટીંગો, સેમીનાર, પરિસંવાદ, પ્રવચનો, સભાઓ, રાસ – ગરબા વિગેરે. | શો–૧,૨,૩,૪ | **૧૦૦%** | **૧૦૦%** |

| | |
|---|---|
| ૧. | ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખવામાં આવ્યું હોય તે સમય દરમ્યાન એરકન્ડિશન યુનિટ તથા અન્ય વિદ્યુત ઉપકરણોમાં વપરાતા વિજળી બળતણના ખર્ચનો ઉપરોકત ભાડાની રકમમાં સમાવેશ થતો નથી. તે સઘળા વપરાયેલ વિજળી ખર્ચ મીટર રીડીંગના આધારે આકારીને **જમા કરાવેલ ડીપોઝીટમાંથી** વસુલ લેવામાં આવશે. |
| ૨. | પ્રોગ્રામ પુરો થયેથી અરજી પત્રક સાથે ભરેલ રકમમાંથી ભાડાની રકમ, થયેલ ખરેખર વિજળી વપરાશનો ખર્ચ, **જે તે સમયે કેન્દ્ર/ રાજય સરકારશ્રી ધ્વારા લાગુ પાડવામાં આવતાં કરવેરા,** જો કોઈ નુકશાન થયેલ હોય તો તે પેટે વસુલ લેવા પાત્ર રકમ તથા અન્ય વસુલ લેવા પાત્ર રકમ વિગેરે બાદ કરી બાકીની રકમ પરત કરવામાં આવશે. |
| ૩. | આયોજકે અરજીપત્રક સાથે ભરેલી રકમ કરતાં જો વસુલ લેવા પાત્ર કુલ રકમ વધારે થતી હશે તો તે આયોજકે દિન–૩ માં ભરપાઈ કરવાની રહેશે અન્યથા સુરત મહાનગરપાલિકા કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે. |
| ૪. | જે વ્યકિત/ સંસ્થાને આખું ઈન્ડોર સ્ટેડિયમ વાપરવું હશે તેને માટે પરિશિષ્ટ 'અ–૧' ના દરો લાગુ પડશે. જયારે જે વ્યકિત/ સંસ્થાને અડધું ઈન્ડોર સ્ટેડિયમ વાપરવું હશે તેને પરિશિષ્ટ 'અ–૨' ના દરો લાગુ પડશે. |
| ૫. | જો કોઈ કિસ્સામાં કોઈ વ્યકિત કે સંસ્થા તરફથી એક સાથે ત્રણ થી વધુ દિવસનું સતત બુકીંગ મળતું હોય અથવા આખા વર્ષ દરમ્યાન **વધુમાં વધુ** દિવસોનું બુકીંગ મળતુ હોય તો તેવા કિસ્સામાં ઠરાવેલ **ભાડું તથા અન્ય દરો (વીજળી ખર્ચ અને અન્ય કરવેરા સિવાય)**માં ફેરફાર કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રી તથા મા.મેયરશ્રી ને સંયુકત રીતે રહેશે. |
| ૬. | અડધું ઈન્ડોર સ્ટેડિયમ એટલે કે, પ્લેઈંગ એરીના તેમજ વી.આઈ.પી.કક્ષા માં મુકેલ ખુરશીઓ પૂરતુ સીમિત ગણાશે, ઈન્ડોર સ્ટેડિયમના ચેઈન્જ રૂમ ઈત્યાદીની તમામ સગવડો વાપરી શકાશે પરંતુ ફોયરની ૫૭૧૨ ખુરશીઓ કે ફોયરનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| ૭. | અડધા ઈન્ડોર સ્ટેડિયમનું બુકીંગ કરાવનાર વ્યકિત કે સંસ્થા જો કોઈ કિસ્સામાં આખા ઈન્ડોર સ્ટેડિયમનો વપરાશ કરવા માંગે તો તેવા કિસ્સામાં અન્યત્ર જોગવાઈ ન હોય તો તે વ્યકિત કે સંસ્થાને પરિશિષ્ટ 'અ–૧' મુજબ આખા ઈન્ડોર સ્ટેડિયમના ભાડાના દરે ઈન્ડોર સ્ટેડિયમ ફાળવી આપવામાં આવશે. |
| ૮. | ભાડા ઉપરાંત ખરેખર વપરાયેલ વિજળીના યુનિટ દીઠ ચાર્જના પ્રવર્તમાન દર મુજબ વિજળી ચાર્જ ચૂકવવાનો રહેશે. |
| ૯. | ઉપરોકત પરિશિષ્ટ – " બ " ના **અનુક્રમ નં. ૧ થી** ૩ માં દર્શાવેલ કાર્યક્રમ જો વ્યાવસાયિક ધોરણે યોજવામાં આવે તો તેને **અનુક્રમ નં. ૪** હેઠળના દરો લાગુ પડશે. વધુમાં, રાહત દરે બુકીંગ કરાવ્યા બાદ જો તે પ્રોગ્રામ વ્યાવસાયિક હોવાનું ધ્યાને આવશે તો તેવા કાર્યક્રમો માટે પણ **અનુક્રમ નં. ૪ હેઠળના દરો મુજબ** ભાડું વસુલ લેવામાં આવશે. |
| ૧૦. | પરિશિષ્ટ 'બ–૨'માં દર્શાવેલ ભાડાના દરો સુધારેલ હોય, હાલની જોગવાઈ અપ્રસ્તુત હોય, રદ કરવી. |
| ૧૧. | નવરાત્રી ઉપરાંત અન્ય પ્રાસંગિક કાર્યક્રમો અન્વયે જરૂર જણાય તેવા કિસ્સાઓમાં પણ ટેન્ડર પધ્ધતિથી ઈન્ડોર સ્ટેડિયમની ફાળવણી કરવા અન્વયે ભાડાની લઘુત્તમ રકમ, ડીપોઝીટની રકમ તેમજ કાર્યક્રમને અનુરૂપ નીતિ–નિયમો વિગેરે નકકી કરવા સારુ મ્યુ.કમિશનરશ્રી અધિકૃત રહેશે. **ટેન્ડર પધ્ધતિથી** ઈન્ડોર સ્ટેડિયમની ફાળવણી કરવાના કિસ્સામાં જો કોઈ તબકકે ટેન્ડરની શરતો અને ઈન્ડોર સ્ટેડિયમના પ્રવર્તમાન નીતિ–નિયમો અન્વયે વિસંગતતા ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં ટેન્ડરની શરતોને માન્ય ગણવાની રહેશે. |

| | |
|---|---|
| ૧૨. | સુરત મહાનગરપાલિકાના હેતુ માટે જો ઈન્ડોર સ્ટેડિયમનો (ડોરમેટરી બિલ્ડીંગ સહિત) વપરાશ કરવાની જરૂરિયાત જણાય તો તેવા કિસ્સામાં તમામ પ્રકારના ખર્ચમાંથી મુકિત આપી ફાળવી આપવા અંગે મ્યુ.કમિશનરશ્રીને સત્તા રહેશે. |
| ૧૩ | રાજય સરકારશ્રી કે તેના કોઈ ઘટક ધ્વારા આયોજિત ઈન્ડોર ગેઈમ્સ ટુર્નામેન્ટ અન્વયે કોચીંગ કેમ્પ હેતુ જો ઈન્ડોર સ્ટેડિયમ (ડોરમેટરી બિલ્ડીંગ સહિત) વિનામુલ્યે ફાળવી આપવાની માંગણી કરવામાં આવે તો તેવા કિસ્સામાં ભાડું, વીજળીખર્ચ તેમજ અન્ય તમામ ખર્ચમાંથી યોગ્યતા મુજબની માફી આપવા માટે મ્યુ.કમિશનરશ્રી અધિકૃત રહેશે, જયારે રમત ગમતની સ્પર્ધાઓના આયોજનના કિસ્સામાં ભાડું તેમજ અન્ય ખર્ચમાં યોગ્યતા મુજબ આંશિક કે સંપૂર્ણ માફી આપવાની સત્તા સ્થાયી સમિતિ હસ્તક રહેશે. |
| ૧૪. | ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાતા રમત ગમત સિવાયના અન્ય કાર્યક્રમોના કિસ્સામાં ઉપરોકત પરિશિષ્ટ બ–૧ અને બ–ર માં દર્શાવેલ નિયત ભાડાના દરોમાં જો સંજોગો અનુસાર રાહત આપવાની માંગણી ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ધ્વારા ભાડાની ચૂકવવા પાત્ર રકમના વધુમાં વધુ ર૫% સુધીની રાહત આપી શકાશે, તથા તેનાથી વધુ રાહત આપવા બાબત યોગ્યતે નિર્ણય લેવા સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા સક્ષમ રહેશે. વધુમાં જો કોઈ ખાસ કિસ્સામાં ભાડાના દર ઉપરાંત અન્ય કોઈ ખર્ચ વિગેરેમાં રાહત આપવાની માંગણી ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં પણ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા સક્ષમ રહેશે. |
| ૧૫. | પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ સંકુલના ભાડેથી વપરાશ કરવા અંગેના નીતિ નિયમો, ભાડું તથા ડીપોઝીટની રકમમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉથી જાણ કર્યા વિના જરૂર જણાયે કોઈપણ સમયે સુધારા વધારા કરી શકાશે જે આયોજકને બંધનકર્તા રહેશે. |
| ૧૬. | ઉપરોકત પરિશિષ્ટ 'અ' માં દર્શાવેલ ડીપોઝીટની રકમમાં જરૂર જણાયેથી ફેરફાર કરવા માટે મ્યુ.કમિશનરશ્રી અધિકૃત રહેશે. |

## <u>પરિશિષ્ટ – ક</u>
## આયોજકો ધ્વારા ફરજીયાત રીતે મેળવવાના પરવાના, મનોરંજન કર,મ્યુનિસિપલ વેરા વિગેરે બાબત

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| ૧. | ગીત સંગીત,નૃત્ય નાટય,રાસ–ગરબા,ગઝલ,કવ્વાલી,મુશાયરો તથા કવિ સંમેલનો,ફીલ્મી તેમજ સુગમ ગીતો વિગેરે જેવા તમામ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સચિવશ્રી, ગુજરાત રાજય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ સચિવાલય,ગાંધીનગર પાસેથી યોગ્યતા સ્ક્રીપ્ટ લાયસન્સ મેળવવાનું રહેશે. જેની ચકાસણી માટે રાજય સરકારશ્રી ધ્વારા મોકલેલ અધિકારી કે નિયુકત પ્રતિનિધિ ને કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષાગારમાં અનુકુળ બેઠક આયોજકે ફરજીયાત રીતે ફાળવી આપવાની રહેશે. |
| ર. | કલેકટરશ્રી,સુરત પાસેથી " કરમુકિત " મનોરંજન કરવેરા મુકિત લાયસન્સ મેળવવાનું રહેશે. |
| ૩. | પોલીસ કમિશનરશ્રી, સુરત પાસેથી " પરફોરમન્સ " લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવવાના રહેશે. |
| ૪. | કાર્યક્રમ પ્રવેશ ફી વિનાનો રાખ્યો હોય અને ફકત આમંત્રણ પત્રિકા રાખવામાં આવી હોય તો ઉપરના તમામ લાયસન્સો ઉપરાંત સુરત મહાનગરપાલિકાના સીધાવેરા અમલદારશ્રી પાસેથી મનોરંજન કરમુકિત (થીયેટર ટેક્ષ) નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. ફી નો દર રાખવામાં આવ્યો હશે તો ભરેલ ડીપોઝીટમાંથી થીયેટર ટેક્ષ (મનોરંજન કર) ની રકમ વસુલ લેવામાં આવશે. |

| | |
|---|---|
| ૫. | જરૂરી લાયસન્સો રજુ કર્યા સિવાય ઈન્ડોર સ્ટેડિયમમાં કાર્યક્રમ થઈ શકશે નહીં. |
| ૬. | ઉપરોકત પરવાના ઉપરાંત કાર્યક્રમ કરવા માટે જરૂરી એવા સ્થાનિક સંસ્થા/રાજય સરકાર/કેન્દ્ર સરકાર વિગેરે સંસ્થાઓમાંથી લેવાના દરેક પરવાના આયોજકે અગાઉથી મેળવી રજુ કરવાના રહેશે. ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જળવાય તેમજ ટ્રાફીક નિયમનની જવાબદારી પણ આયોજકની રહેશે. |
| ૭. | પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર ધ્વારા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ ૧ ના ખંડો (ય) અને (લ) હેઠળની જોગવાઈ અન્વયે તા.૨૧–૫–૨૦૦૭ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક એફ/પરફ/૧૦૪૨/૨૦૦૭ તેમજ ત્યારબાદ વખતોવખત બહાર પાડવામાં આવનાર/ પ્રસિધ્ધ કરવામાં આવનાર જાહેરનામાની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવું/ કરાવવાનું રહેશે. |

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | **પ્રકરણ – ૬(૧)**<br>**ઈન્ડોર સ્ટેડિયમ રાજય/ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને વિનામુલ્યે ફાળવવા અંગેના નિયમો** |
| ૧. | સુરત મહાનગરપાલિકા સંચાલિત ઈન્ડોર સ્ટેડિયમ નીચેની સંસ્થાઓ મારફત ભલામણ થઈને આવેલ ખેલાડીઓને વિનામુલ્યે ફાળવવું.<br>(અ) સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હોય અને ઈન્ડોર ગેઈમનું સંચાલન કરતા હોય તેવા રજીસ્ટર્ડ/ ઓફિસિયલ એસોસીએશન/ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત.<br>(બ) સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવતી હોય અને ઈન્ડોર ગેઈમનું સંચાલન કરતી સંસ્થાઓ કે જે ચેરીટેબલ ટ્રસ્ટ એકટ હેઠળ અથવા સહકારી રજીસ્ટર કાયદા હેઠળ અથવા સોસાયટી રજીસ્ટર એકટ હેઠળ કે સંસ્થા અન્ય કાયદા હેઠળ સરકારશ્રીમાં રજીસ્ટર્ડ હોય તેવી સંસ્થા<br>(ક) સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હોય તેવી માન્ય શાળા/ કોલેજ.<br>(ડ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના કેમ્પસમાં વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ.<br>(ઈ) સુરત મહાનગરપાલિકાની હદમાં રહેતા હોય અને જેમણે છેલ્લાં ત્રણ વર્ષમાં ઈન્ટર યુનિ. ટુર્નામેન્ટમાં ભાગ લીધો હોય, તેવા વિદ્યાર્થીઓ પણ ઉપર જણાવ્યા મુજબ ઈન્ડોર સ્ટેડિયમનો વિનામુલ્યે ઉપયોગ કરી શકશે. |
| ૨. | ઉપરોકત સંસ્થાઓ પૈકી રમત ગમત એસોસીએશન સંબંધિત રાજય અથવા રાષ્ટ્રીય કક્ષાના એસોસીએશન સાથે એફીલીયેશન ધરાવતી હોવી જોઈએ. |
| ૩. | ઉપરોકત દર્શાવેલ અ થી ઈ સુધીના એસોસીએશને અથવા સંસ્થાઓ જો તેઓ કોઈ ખેલાડીને ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રેકટીસ માટે મોકલવા માંગતા હોય તો તેઓએ રૂા.૫,૦૦૦/– સીકયોરીટી ડીપોઝીટ તરીકે મહાનગરપાલિકામાં જમા કરવાના રહેશે. તેમજ દર વર્ષે રૂા.૨,૦૦૦/– ટોકન ફી તરીકે ભરવાના રહેશે. |
| ૪. | ઉપરોકત સંસ્થાઓએ જે સીકયોરીટી ડીપોઝીટ તથા વાર્ષિક ફી ભરવાની છે તે પેટે તેઓ ખેલાડી પાસેથી કોઈ રકમ લઈ શકશે નહીં. ટુંકમાં ખેલાડીઓને વિનામુલ્યે ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રેકટીસ માટે મોકલવાના રહેશે. |
| ૫. | સંબંધિત એસોસીએશને દર વર્ષે તેમના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી તથા અન્ય હોદ્દેદારોના નામની યાદી સંસ્થાના લેટર પેડ પર ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રજુ કરવાની રહેશે. |
| ૬. | ઉપર દર્શાવેલ સંસ્થા/ એસોસીએશન માત્ર એવા ખેલાડીઓની ભલામણ કરી શકશે કે, જેમણે છેલ્લા ત્રણ વર્ષમાં રાજય/ રાષ્ટ્રીય કક્ષાની કોઈ સ્પર્ધામાં ભાગ લીધેલ હોય, અથવા અરજીના સમયે થનાર કોઈ આગામી સ્પર્ધામાં ભાગ લેનાર હોય, આ બાબતમાં જરૂરી અધિકૃત પુરાવા સંસ્થા/ એસોસીએશને રજુ કરવાના રહેશે. |

| | |
|---|---|
| ૭. | રાજય/ રાષ્ટ્રીય કક્ષાએ રમતા ખેલાડીઓએ તેમની સ્પર્ધાની પ્રેકટીસ કરવા માટે તેમના સંબંધિત સંસ્થા/ એસોસીએશન મારફત અરજી કરવાની રહેશે. |
| ૮. | **સંબંધિત સંસ્થા/ એસોસીએશન ધ્વારા પોતાના ખેલાડીઓને ઓળખપત્ર સાથે મોકલવાના રહેશે.** |
| ૯. | સંબંધિત એસોસીએશન/ સંસ્થા ઈન્ડોર સ્ટેડિયમ વિનામુલ્યે વપરાશ કરવા જે ખેલાડીઓની ભલામણ કરે તેમને ઓળખપત્ર આપવો તથા જે તે ખેલાડીના નામ, સરનામા તથા સ્પર્ધામાં ભાગ લીધેલ અથવા જે સ્પર્ધામાં ભાગ લેવાના હોય તેની વિગત જરૂરી પ્રમાણપત્ર સાથે સંસ્થા/ એસોસીએશને મહાનગરપાલિકાને આપવાની રહેશે. |
| ૧૦. | સંબંધિત એસોસીએશન જે ખેલાડીની ઈન્ડોર સ્ટેડિયમ માટે ભલામણ કરે તે ખેલાડીએ ઈન્ડોર સ્ટેડિયમના અલગથી તૈયાર કરેલ નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે. તેમજ તેવા ખેલાડીઓએ ઈન્ડોર સ્ટેડિયમમાં પુરેપુરી શિસ્ત જાળવવાની રહેશે. તેમજ ઈન્ડોર સ્ટેડિયમના સાધનો, ખુરશીઓ, ફીકચર્સ, ફલોરીંગ ઈત્યાદીને કોઈપણ નુકશાન કરશે તો તે ખેલાડીઓને ઈન્ડોર સ્ટેડિયમના વપરાશમાંથી દુર કરવામાં આવશે, તેમજ એસોસીએશન કે સંસ્થાએ ભરેલ સીકયોરીટી ડીપોઝીટની રકમમાંથી મ્યુની.કમિશનરશ્રી નકકી કરે તે રકમ જપ્ત કરવામાં આવશે. |
| ૧૧. | ઈન્ડોર સ્ટેડિયમના વપરાશ એસોસીએશનની માંગણી આવ્યેથી ઈન્ડોર સ્ટેડિયમના **ઈ.ચા.ખાતાકિય વડા** નકકી કરે તે મુજબ સમય અને તારીખે (રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) ફાળવવામાં આવશે. જેમાં એસોસીએશન કોઈ જાતની દખલગીરી કરી શકશે નહીં. |
| ૧૨. | જે કિસ્સામાં ઈન્ડોર સ્ટેડિયમ સુરત મહાનગરપાલિકાએ અન્ય કાર્યક્રમ માટે બુક કરેલ હશે તે સંજોગોમાં તથા તેની તૈયારીના દિવસોમાં આવા ખેલાડીઓ ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરી શકશે નહીં. |
| ૧૩. | આવા ખેલાડીઓ જયારે ઈન્ડોર સ્ટેડિયમનો પ્રેકટીસ માટે ઉપયોગ કરતાં હશે ત્યારે એ.સી.પ્લાન્ટ ચલાવવામાં આવશે નહીં. તેમજ માત્ર જરૂરિયાત મુજબની એરેના લાઈટો ચાલુ કરી આપવામાં આવશે. |
| ૧૪. | જે એસોસીએશન/ સંસ્થા તેમના ખેલાડીઓને મોકલતા હોય તેમણે તેના કોચને પણ સુપરવાઈઝર તરીકે નિયમિત મોકલવાના રહેશે. જે કોચના નામ, સરનામા ઈત્યાદી મહાનગરપાલિકાને આપવાના રહેશે. આ કોચને મહાનગરપાલિકા તરફથી કોઈ મહેનતાણું આપવામાં આવશે નહીં. |
| ૧૫. | મહાનગરપાલિકા તરફથી પ્રેકટીસ માટે જે કોઈ સાધનો ફાળવવામાં આવે તેની પુરેપુરી જાળવણી કરવાની રહેશે. પરંતુ જો કોઈ કિસ્સામાં ખેલાડી પોતાના સાધનો લઈને આવે તો તે સાચવવાની જવાબદારી મહાનગરપાલિકાની રહેશે નહીં. |
| ૧૬. | જે ખેલાડીઓ વિનામુલ્યે ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરશે તેને માટે નિયત ટોયલેટ બ્લોક ફાળવવામાં આવશે તેનો જ તેમણે ઉપયોગ કરવાનો રહેશે. |
| ૧૭. | જે ખેલાડીઓને ઈન્ડોર સ્ટેડિયમ વિનામુલ્યે ફાળવવામાં આવે તે પ્રારંભિક તબકકે એક વર્ષ માટે ફાળવવામાં આવશે. |
| ૧૮. | જો કોઈ એક રમત ગમતમાં વધારે પડતી ખેલાડીઓની માંગણી આવશે તો સક્ષમ અધિકારી ઈન્ડોર સ્ટેડિયમના ઉપલબ્ધ સમયને લક્ષમાં લઈ પોતાને યોગ્ય લાગે તેવી સંસ્થાને ખેલાડીઓની સંખ્યા ઉપર નિયંત્રણ રાખવા જણાવી શકશે. |
| ૧૯. | ઉપરોકત નિયમોના અર્થઘટનમાં કોઈ વિવાદ ઉભા થાય તો આ બાબતમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો નિર્ણય ગણાશે જેનું તેઓએ પાલન કરવાનું રહેશે. |

| | |
|---|---|
| ૨૦. | ઈન્ડોર સ્ટેડિયમ રાજય/ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને વિનામુલ્યે ફાળવવા અંગેના નિયમો, ટોકન ફી તથા ડીપોઝીટની રકમમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉથી જાણ કર્યા વિના જરૂર જણાયે કોઈપણ સમયે સુધારા વધારા કરી શકાશે જે સંસ્થા/ એસોસીએશનને બંધનકર્તા રહેશે. |

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | **પ્રકરણ – ૬(૨)**<br>**ખેલાડીઓએ રમતની પ્રેકટીસ દરમ્યાન ખાસ ધ્યાનમાં રાખવા જોગ બાબત** |
| ૧. | રમતની પ્રેકટીસ દરમ્યાન ઈન્ડોર સ્ટેડિયમનો એ.સી.પ્લાન્ટ ચાલુ કરવામાં આવશે નહિ. |
| ૨. | ખેલાડીએ પોતાના રમતના સાધનો લઈને રમવા આવવાનું રહેશે. તથા રમત પુરી થયા બાદ તે સાધનો પરત લઈ જવાના રહેશે. |
| ૩. | ખેલાડીએ નિયત ટ્રેકસુટ / સ્પોર્ટસ ડ્રેસ પહેરીને આવવાનુ રહેશે. |
| ૪. | રમતની પ્રેકટીસ દરમ્યાન ખેલાડીઓ ને ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટી તરફથી જે ટોયલેટ બ્લોકનો ઉપયોગ કરવા જણાવવામાં આવે તેનો જ તેમણે ઉપયોગ કરવાનો રહેશે. |
| ૫. | રમત માટેનો જે તે સમય / બેચ નકકી થયો હોય તે સમયે જ ખેલાડીએ પ્રેકટીશ કરવા આવવાનું રહેશે. વધારાના સમયનો આગ્રહ રાખવો નહી. |
| ૬. | ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રેકટીશ કરવા આવનાર ખેલાડીએ **સંસ્થાના ઓળખપત્ર** સાથે આવવાનું રહેશે. ઓળખપત્ર વિના ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવશે નહિ. તેમજ ઓથોરીટી જયારે પણ માંગે ત્યારે બતાવવાનું રહેશ. |
| ૭. | ખેલાડીઓએ ઈન્ડોર સ્ટેડિયમના સેન્ટ્રલ એરીના વાળો ભાગ ઉપયોગ માં લેવાનો રહેશે. |
| ૮. | રમતની પ્રેકટીસ માટે આવતાં ખેલાડી/ કોચ વિગેરેને ઈન્ડોર સ્ટેડિયમના અન્ય ભાગોમાં જવાની સખત મનાઈ છે, જેનો ભંગ થયેથી ઉપસ્થિત થનાર સઘળી પરિસ્થિતિની જવાબદારી જે તે ખેલાડી/ કોચની રહેશે. |
| ૯. | જે તે સંસ્થા/ એસોસીએશને પોતાના ખેલાડીઓની સાથે પોતાના કોચને પણ ફરજીયાત મોકલવાના રહેશે. |
| ૧૦. | ઈન્ડોર સ્ટેડિયમના સમગ્ર પરિસરમાં કોઈપણ પ્રકારના જવલનશીલ પદાર્થ સાથે લાવવા નહિ. |
| ૧૧. | ઈન્ડોર સ્ટેડિયમમાં ખાણીપીણીની કોઈ ચીજ વસ્તુઓ લાવવી નહિ. |
| ૧૨. | ખેલાડીઓએ દરરોજ એન્ટ્રી રજીસ્ટરમાં સૂચના મુજબ એન્ટ્રી કરવાની રહેશે. |
| ૧૩. | ખેલાડીઓએ ઈન્ડોર સ્ટેડિયમમા ં શાંતી જાળવવી, અપશબ્દો બોલવા નહિ, તેમજ વાદ વિવાદ કે અસભ્ય વર્તન કરવું નહિ. |
| ૧૪. | પાન મસાલા, માવો, ધ્રુમપ્રાન કે અન્ય કેફી પીણાં કે કેફી દ્રવ્યો ઈન્ડોર સ્ટેડિયમમાં લાવવાની / વાપરવાની મનાઈ છે. |
| ૧૫. | દરેક ખેલાડીએ પોતાના કોચ પાસેથી રમત અંગેની પૂરતી સમજ તથા માહિતી મેળવી લીધા બાદ જ રમતની શરુઆત કરવાની રહેશે. |
| ૧૬. | રમતના દરેક સાધનોનો સલામતીની દૃષ્ટિએ ચકાસણી કર્યા બાદ જ ઉપયોગ કરવો. |
| ૧૭. | ખેલાડીઓ જો કિંમતી ચીજવસ્તુઓ સાથે લાવશે તો તે સાચવવાની જવાબદારી જે તે ખેલાડીની રહેશે. ખેલાડીઓનો કિમતીં સામાન ચોરાઈ જાય/ ગુમ થાય તે માટે મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહિ. |
| ૧૮. | પ્રેકટીસ દરમ્યાન ખેલાડીને કોઈપણ પ્રકારની ઈજા માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં. |

| | |
|---|---|
| ૧૯. | ઈન્ડોર સ્ટેડિયમ મહાનગરપાલિકાના અન્ય કામ માટે અથવા તો અન્ય પ્રોગ્રામ માટે ફાળવવામાં આવ્યું હશે તો તેવા દિવસો દરમ્યાન ખેલાડીઓ પ્રેકટીસ માટે ઈન્ડોર સ્ટેડિયમ માં આવી શકશે નહી, આ માટેના જરુરી સુચના મુખ્ય નોટીશબોર્ડ પર મુકવામાં આવશે. |
| ૨૦. | ખેલાડીઓ માટે વ્યકિતગત કે ટેલીફોનથી જાણ કરવામાં આવશે નહીં. તેથી ખેલાડીઓએ નિયમિત ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીના સંપર્કમાં રહેવું. |
| ૨૧. | રીપેરીંગ/ મેઈન્ટેનન્સ અથવા અન્ય કારણોસર ઈન્ડોર સ્ટેડિયમમાં રમતની પ્રેકટીસ બંધ રાખવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે. |
| ૨૨. | પોતાની સાથે મહેમાનને લાવવા માંગતા હોય તેવા ખેલાડીએ આ બાબતે ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીની પરવાનગી લેવાની રહેશે. |
| ૨૩. | ઉપરોકત નીતિ નિયમોનું દરેક ખેલાડીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેનું ઉલ્લંઘન કરનાર ખેલાડી સામે ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટી ધ્વારા કડક કાર્યવાહી કરી કોઈપણ કારણ આપ્યા વિના ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રવેશ અટકાવી શકાશે. |

| ક્રમ | સુધારા વધારા કરેલ નીતિ–નિયમો |
|---|---|
| | **પ્રકરણ – ૭**<br>**સુમન સાંસ્કૃતિક ભવન ભાડેથી આપવા અંગેના નિતિ–નિયમો** |

| માળ | ઉપયોગ ની વિગત | સાઈઝ | હોલ/યુનીટની સંખ્યા | ભાડાનો દર (રૂા.) |
|---|---|---|---|---|
| ભોંય તળીયુ | મલ્ટીપર્પઝ યુટીલીટી એરિયા | ૨૬ મી.× ૨૬ મી. | ૧ | ૪,૦૦૦/– |
| પહેલો માળ | મલ્ટીપર્પઝ હોલ | ૨૬ મી.×૧૬.૫૦ મી. | ૧ | ૩,૦૦૦/–<br>(બિન વ્યાવસાયિક આયોજનો માટે)<br>૫,૦૦૦/–<br>(વ્યાવસાયિક આયોજનો માટે) |
| બીજો માળ | મલ્ટીપર્પઝ યુનીટ | યુનીટમાં ૧૩મી. × ૭મી. સાઈઝનો એક હોલ, ૭.૬૦મી. × ૭.૦૦મી. સાઈઝનો એક હોલ તથા કોમન ટોયલેટ બ્લોકસ સમાવિષ્ટ છે. | ૨ યુનીટ | ૧,૫૦૦/–<br>(યુનીટ દીઠ) |
| ત્રીજો માળ | રહેવા માટેના યુનીટ | પ્રત્યેક યુનીટમાં ૬.૪૦ મી.×૬.૪૦ મી. સાઈઝનો એક રૂમ તથા ૬.૪૦ મી.×૩.૩૫ મી. સાઈઝના ૩ રૂમ (એટેચ્ડ બાથરૂમ, ટોયલેટ સાથે) સમાવિષ્ટ છે. | ૪ યુનીટ | ૨,૫૦૦/–<br>(યુનીટ દિઠ) |

| | |
|---|---|
| ૧. | આ એનેક્ષી બિલ્ડીંગ ના વપરાશનો સમય સવારે ૭–૦૦ થી બીજા દિવસ સવારે૭–૦૦ કલાક સુધીનો એક દિવસ ગણાશે. |
| ૨. | બુકીંગ માટે વધુ માં વધુ **૯૦ દિવસ અગાઉ જે તે માસની પહેલી તારીખે** નિયત ફોર્મ માં અરજી થઈ શકશે. એનેક્ષી બિલ્ડીંગ જે તે તારીખે ખાલી હશે તો અરજદારની માંગણી મુજબ બુકીંગ કરવામાં આવશે. |
| ૩. | એનેક્ષી બિલ્ડીંગ ની ડીપોઝીટની રકમ પેટે દિવસ દિઠ જેટલો ભાગ ભાડે રાખેલ હોય તેનું જેટલુ ભાડું થાયતે રકમ તથા લાઈટબીલ અને અન્ય ખર્ચ પેટે ભાડાની **રકમના ૫૦% – ૭૫%** લેખે (કાર્યક્રમને અનુરૂપ ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીને જરૂર જણાય તે મુજબ) જે રકમ થાય તેટલી રકમ  રોકડેથી, ચેકથી અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાના રહેશે આ ડીપોઝીટની રકમ એનેક્ષી બિલ્ડીંગ નો વપરાશ કર્યા બાદ, ભાડું, ઈલેક્ટ્રીસીટીબીલ, સર્વિસટેક્ષ, વિગેરે અન્ય ખર્ચા બાદ કરીને વગર વ્યાજે પરત કરવામાં આવશે. |
| ૪. | એનેક્ષી બિલ્ડીંગ નું બુકીંગ કર્યાની જાણ થયાથી એનેક્ષી બિલ્ડીંગનું ભાડું તથા ડીપોઝીટની રકમ સામેલ પરિશિષ્ટમાં  જણાવ્યા મુજબનું રોકડે/ **ચેકથી** અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી તુર્ત જ જમા કરાવવાની રહેશે. |
| ૫. | એનેક્ષી બિલ્ડીંગની ફાળવણી અંગેનો નિર્ણય નીચે દર્શાવ્યા મુજબ અરજદારની માંગણી ધ્યાને લઈ કરવામાં આવશે.<br>(અ) એનેક્ષી બિલ્ડીંગ ઈન્ડોર સ્ટેડિયમનો જ એક ભાગ હોય, જો કોઈ અરજદાર ઈન્ડોર સ્ટેડિયમના બુકીંગ સાથે એનેક્ષી બિલ્ડીંગ પણ ભાડે રાખવા માંગતા હશે તો તેવી અરજીને પહેલી પ્રાથમિકતા આપવામાં આવશે. પરંતુ જો તેવા અરજદાર એનેક્ષી બિલ્ડીંગ આખું ભાડે રાખવાને બદલે તેનો આંશિક ભાગ જ ભાડેથી રાખવા માંગતા હશે તો તેવા સંજોગોમાં એનેક્ષી બિલ્ડીંગનો બાકી રહેતો ભાગ અન્ય અરજદારની માંગણી હશે તો તેને ફાળવી શકાશે.<br>(બ) જો એક જ તારીખે અને એક જ સમયે એકથી વધુ અરજી આવી હશે તો તેવા સંજોગોમાંઅરજદાર ધ્વારા એનેક્ષી બિલ્ડીંગનો જેટલો ભાગ જેટલા દિવસ માટે ભાડેથી માંગવામાં આવ્યો હશે તે પૈકી બિલ્ડીંગનો મહત્તમ વપરાશ થાય/ મહત્તમ ભાડું મળે તે મુજબની માંગણીને પ્રાથમિકતા આપવામાં આવશે.<br>(ક) તેમ છતાં જો એક જ તારીખ અને એક જ સમયે એકથી વધુ અરજદારો ધ્વારા એકસમાન માંગણી કરવામાં આવશે તો તેવા સંજોગોમાં તમામ અરજદારોની રૂબરૂમાં મ્યુનિ. કમિશનરશ્રી અથવા તેના પ્રતિનિધિ અરજદારો સમક્ષ ચિઠ્ઠી નાંખી ફાળવણી અંગેનો નિર્ણય કરશે. જે આખરી અને અરજદારોને બંધનકર્તા ગણાશે.<br>(ડ) કોઈપણ અરજી અનુસાર એનેક્ષી બિલ્ડીંગ વાપરવાની પરવાનગી આપવી કે નહીં તે બાબતનો આખરી નિર્ણય મ્યુનિ. કમિશનરશ્રીની મુનસફી ઉપર રહેશે. જે અંગે અરજદારોની કોઈ તકરાર ચાલી શકશે નહીં |
| ૬. | એનેક્ષી બિલ્ડીંગનું બુકીંગ રવિવાર તથા રજાના દિવસો સિવાય **ઈન્ડોર સ્ટેડિયમ ખાતે સવારે ૧૧–૦૦ થી બપોરે ૨–૦૦ કલાક દરમ્યાન કરાવી શકાશે.** |
| ૭. | એનેક્ષી બિલ્ડીંગનો ઉપયોગ સ્પોર્ટસ ઈવેન્ટસ ઉપરાંત સાંસ્કૃતિક ભવન તરીકે સાંસ્કૃતિક કાર્યક્રમો, લગ્ન, રીસેપ્શન, મેળાવડા, વેવિશાળ, રીંગ સેરેમની, બર્થ–ડે પાર્ટી, પ્રદર્શન, સેલ, જમણવાર, પ્રોડકટ ડીસપ્લે, મીટીંગ, કોન્ફરન્સ વિગેરે હેતુ માટે કરી શકાશે. અને તે પ્રમાણે ભાડેથી મેળવી શકાશે. |
| ૮. | એનેક્ષી બિલ્ડીંગમાં ફકત શાકાહારી રસોઈ જ બનાવીને પીરસી શકાશે. |

| | |
|---|---|
| ૯. | **એનેક્ષી બિલ્ડીંગનું બુકીંગ કરાવનાર વ્યકિત અગર સંસ્થા કોઈ સંજોગોમાં બુકીંગ રદ કરાવવા માંગતા હોય તો તેવા પ્રસંગે અરજદારે લેખિત અરજી આપવાની રહેશે. જે તારીખ માટે બુકીંગ મેળવ્યું હોય તેની સમયમર્યાદા અનુસાર નીચે મુજબની રકમ કાપી લઈ બાકી રકમનું રીફંડ આપવામાં આવશે.** |

| અ.નં. | આરક્ષણ રદ કરવાની અરજી કાર્યક્રમની તારીખથી | ભાડામાંથી કાપી લેવાની રકમ |
|---|---|---|
| ૧. | ૩૦ દિવસ પહેલાં કરવામાં આવે તો | ૨૫% |
| ૨. | ૧૫ દિવસ પહેલાં અને ૩૦ દિવસની અંદર કરવામાં આવે તો | ૫૦% |
| ૩. | ૭ દિવસ પહેલાં અને ૧૫ દિવસની અંદર કરવામાં આવે તો | ૬૦% |
| ૪. | ૨ દિવસ પહેલાં અને ૭ દિવસની અંદર કરવામાં આવે તો | ૭૦% |
| ૫. | ૨ દિવસ અંદર કરવામાં આવે તો | ૯૦% |

| | |
|---|---|
| ૧૦. | એનેક્ષી બિલ્ડીંગ જે દિવસો માટે અને જે પ્રસંગ માટે જે વ્યકિત/ સંસ્થાએ નોંધાવેલ હશે તે પ્રસંગ માટે તે જ વ્યકિત/ સંસ્થાને એનેક્ષી બિલ્ડીંગના વપરાશનો અધિકાર રહેશે. સીધી કે આડકતરી રીતે બીજા પ્રસંગ કે બીજી વ્યકિત/ સંસ્થાને એનેક્ષી બિલ્ડીંગ વાપરવા માટે આપી શકાશે નહીં. |
| ૧૧. | એનેક્ષી બિલ્ડીંગમાં સરકારે પ્રતિબંધિત કરેલ પ્રવૃત્તિઓ કે પદાર્થોનો ઉપયોગ કરી શકાશે નહીં, બીન શાકાહારી ખોરાક બનાવી કે પીરસી શકાશે નહીં. |
| ૧૨. | **પાંચ** દિવસ સુધી એનેક્ષી બિલ્ડીંગ ઈન્ચાર્જની મંજુરીથી આપી શકાશે. **પાંચ** દિવસથી વધારે પરંતુ **દસ** દિવસ સુધીના સમય માટે એનેક્ષી બિલ્ડીંગ સળંગ ભાડે જોઈતુ હોય તો વિભાગીય વડાની મંજુરીથી આપી શકાશે. જયારે **દસ** દિવસથી વધારે સમય માટેએનેક્ષી બિલ્ડીંગ ભાડે રાખવું હશે તો મ્યુ.કમિશનરશ્રીની મંજુરીથી આપી શકાશે. |
| ૧૩. | એનેક્ષી બિલ્ડીંગ ને વપરાશ દરમ્યાન કોઈ નુકશાન થશે કે ખુલ્લી જગ્યામાં કોઈ નુકશાન થશે તો તેની સઘળી જવાબદારી એનેક્ષી બિલ્ડીંગ ભાડે રાખનારની રહેશે. અને નુકશાનીની રકમ ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે. નુકશાનીની રકમ ડીપોઝીટની રકમ કરતાં વધારે હશે તો તે એનેક્ષી બિલ્ડીંગ ભાડે રાખનાર વ્યકિત કે સંસ્થાએ ભરપાઈ કરવાની રહેશે. એનેક્ષી બિલ્ડીંગનો વપરાશ ચાલુ કરતા અગાઉ અને તેનો કબજો પરત કરતી વખતેએનેક્ષી બિલ્ડીંગના ઈન્ચાર્જ સાથે/ વોચમેન સાથે દરેક વસ્તુ ચેક કરી લેવાની રહેશે. |
| ૧૪. | કોઈપણ નુકશાન ન થયું હોય તો ડીપોઝીટની રકમ કાર્યક્રમ પત્યા પછી સાધારણ રીતે એક માસમાં પરત કરવામાં આવશે. જે અંગે લેખિત અરજી કરવાની રહેશે. |
| ૧૫. | એનેક્ષી બિલ્ડીંગ અને કંમ્પાઉન્ડમાં કોઈપણ જાતનીગંદકી ન થાય તે રીતેએનેક્ષી બિલ્ડીંગ નો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૧૬. | સુરત મહાનગરપાલિકા એનેક્ષી બિલ્ડીંગ પંખા તથા ટયુબ લાઈટ સાથેભાડેથી આપશે. અરજદારે પોતાના પ્રસંગ માટે જરૂરી ચીજવસ્તુઓ જેવી કે ખુરશી ,ટેબલ, રસોઈના તથા જમવાના વાસણો, માઈક, સ્પીકર, ઈલેકટ્રીક ડેકોરેશન વિ. પોતાના ખર્ચે તથા જોખમે લાવવાનું રહેશે. અને આ તમામ વસ્તુઓનો વપરાશ મહાનગરપાલિકાના નીતિ–નિયમ મુજબ કે વખતોવખત જે નકકી કરે તે નીતિ–નિયમોને આધિન કરવાનો રહેશે. |
| ૧૭. | જમણ માટે બાજ–દડીયાનો ઉપયોગકરી શકાશે નહીં. એનેક્ષી બિલ્ડીંગ ને વોશીંગ પાવડરથી ધોવડાવી સંપૂર્ણ સાફ–સફાઈ કરાવીને એનેક્ષી બિલ્ડીંગ ઈન્ચાર્જને બતાવીને કબજો આપવાનો રહેશે. તથા કબજો સારી સ્વચ્છ હાલતમાં તથા નુકશાન રહિત મળ્યો છે. તે મતલબનું સર્ટીફીકેટ ઈન્ચાર્જ પાસેથી મેળવવાનું રહેશે. જે રીફંડ અરજી સાથે બીડવાનું રહેશે. |

| | |
|---|---|
| ૧૮. | એનેક્ષી બિલ્ડીંગની અંદર કે બિલ્ડીંગના કંપાઉન્ડમાં લારી, ખુમચા, ગલ્લો વિગેરે રાખવા દેવામાં આવશે નહીં. |
| ૧૯. | એનેક્ષી બિલ્ડીંગ ઉપયોગ કરનાર વ્યકિત કે સંસ્થા અથવા તેના ધ્વારા આમંત્રિત મહેમાનોના રોકડ રકમ, દાગીના તથા અન્ય ચીજ વસ્તુઓ ગુમ થાય તો તે માટે મહાનગરપાલિકા કે તેનો સ્ટાફ જવાબદાર રહેશે નહીં. |
| ૨૦. | એનેક્ષી બિલ્ડીંગ ઉપયોગ કરનારના વ્યકિત કે સંસ્થાના પ્રસંગ/ કાર્યક્રમ દરમ્યાન જો કોઈ અકસ્માત અગર ગુન્હો થાય તો તે અંગેની સઘળી જવાબદારી એનેક્ષી બિલ્ડીંગનો ઉપયોગ કરનાર વ્યકિત કે સંસ્થાની રહેશે. |
| ૨૧. | ઉપરોકત શરતોના અર્થઘટન અંગે જો કોઈ મતભેદ ઉભા થાય તો તે અંગે મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. |
| ૨૨. | એનેક્ષી બિલ્ડીંગના ભાડેથી વપરાશ કરવા અંગેના નીતિ નિયમો, ભાડું તથા ડીપોઝીટની રકમમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉથી જાણ કર્યા વિના જરૂર જણાયે કોઈપણ સમયે સુધારા વધારા કરી શકાશે જે ભાડે રાખનાર વ્યકિત કે સંસ્થાને બંધનકર્તા રહેશે. |
| ૨૩. | ડીપોઝીટની રકમમાં જરૂર જણાયેથી ફેરફાર કરવા માટે મ્યુ.કમિશનરશ્રી અધિકૃત રહેશે. |

**ઠરાવ નં.૫૧૧/૨૦૦૮ સર્વાનુમતે મંજુર.**